ટ્રિલિયમ હેલ્થ પાર્ટનર્સ (THP) એવા પ્રત્યેક દર્દી માટે સ્વાસ્થ્યના રેકોર્ડ જાળવે છે જેઓ અમારી હૉસ્પિટલ ખાતે સારવાર મેળવતા હોય.

ક્રેડિટ વેલી હૉસ્પિટલ (CVH) ખાતે કારલો ફિડાની રિજિયોનલ કૅન્સર સેન્ટર ખાતે દર્દીઓને તેમની સંકલિત સંભાળના ભાગરૂપે ઉપલબ્ધ હોઈ શકે એવી ઘણી બધી આઉટપેશન્ટ સેવાઓ પૈકી નૈદાનિક અજમાયશો એક છે.

કૅન્સર સેન્ટરના એક દર્દી તરીકે નૈદાનિક અજમાયશોનો અધિકૃત હૉસ્પિટલ સ્ટાફ એ જોવા માટે તમારા THP સ્વાસ્થ્ય રેકૉર્ડની સમીક્ષા કરી શકે કે તમે CVH ખાતે કરવામાં આવી રહેલી હૉસ્પિટલ દ્વારા માન્યતાપ્રાપ્ત કોઈપણ ઑન્કોલજિ નૈદાનિક અજમાયશો માટે યોગ્ય છો કે કેમ.

તમે જેમાં જોડાવા માટે યોગ્ય હોઈ શકો એવી કોઈપણ નૈદાનિક અજમાયશો હોય તો તમારી સારવાર કરતા તથા અભ્યાસના તપાસકર્તા પણ હોઈ શકે એવા ઑન્કોલજિસ્ટ તમારા માટે યોગ્ય હોઈ શકે એવા ધોરણસરની સંભાળ સાથેની સારવારના અન્ય કોઈપાણ વિકલ્પોની સાથે આ અંગે તમારી સાથે ચર્ચા કરશે.

જો તમને નૈદાનિક અજમાયશ વિશે વધુ જાણવામાં રસ હોય તો તમારા ઑન્કોલજિસ્ટ તમને અમારી ઑન્કોલજિ નૈદાનિક અજમાયશોની નર્સો પાસે મોકલશે, જેઓ તમને વધારે વિસ્તૃત માહિતી પૂરી પાડશે.

**નૈદાનિક અજમાયશો વિશે વધુ સામાન્ય માહિતી માટે** કૃપા કરીને itstartswithme.ca પર જાઓ અથવા અમારા ઑન્કોલજિ પેશન્ટ રિસોર્સ સેન્ટરની મુલાકાત લો.

**અહીં ક્રેડિટ વેલી ખાતે કરવામાં આવી રહેલી નૈદાનિક અજમાયશો વિશે વધુ માહિતી માટે** કૃપા કરીની કાર્લો ફિડાની રિજિયોનલ કૅન્સર સેન્ટરની (https://www.thp.ca/patientservices/CancerServices/for-patients/Pages/Clinical-Trials.aspx) મુલાકાત લો, તમારા ઑન્કોલજિસ્ટને પૂછો, અથવા OncologyClinicalTrials_@thp.ca પર અમારી ક્લિનિકલ ટ્રાયલ્સ ઑફિસને ઇમેલ કરો.

જો અમારી કોઈપણ નૈદાનિક અજમાયશો માટે **તમે તમારા THP સ્વાસ્થ્ય રેકૉર્ડ્ઝનું પ્રિ-સ્ક્રીનિંગ કરવામાં આવે તેમ ન ઇચ્છતા હો તો** કૃપા કરીને OncologyClinicalTrials_@thp.ca પર ઇમેલ કરીને ઑન્કોલજિ ક્લિનિકલ ટ્રાયલ્સ ઑફિસને જાણ કરો. ત્યારબાદ તમારું નામ, MRN# અને જન્મતારીખ એક યાદીમાં ઉમેરવામાં આવશે, જેથી તમે અમને પરવાનગી ન આપો ત્યાં સુધી તમારા સ્વાસ્થ્યની માહિતી ન જોવાનો અજમાયશ સ્ટાફને ખ્યાલ આવે.